જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૯/૬/૨૦૧૫ શુક્રવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તેમજ જુગારધારા હેઠળ ઝડપાયા :-** **સમાચાર યાદી નં.૧૨૪૯/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૦ કેસ કરી ૨૫ વ્યક્તિઓને ઝડપી, ૨૪૩૦ લીટર દેશી દારૂ, ૪૦ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧ ઓટોરિક્ષા અને ૧ ટાટા ૪૦૭ ગાડી કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૪ કેસ કરી ૧૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૭૭,૧૪૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૨૫૦/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૨૦૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી. ૯૩ મુજબ ૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**અપહરણઃ-** **સમાચાર યાદી નં.૧૨૫૧/૧૫**

**નિકોલ :** જયાબહેન ઉર્ફે કંકુ ઇશ્વરભાઇ સોલંકી (ઉ.વ.૧૫)(રહે.આંબેડકર આવાસ યોજના, ચાર માળીયા, નિકોલ) ને તા.૧૪/૬/૧૫ સવારનાં ૧૦/૦૦ વાગ્યાના સુમારે આરોપી અમરતભાઇ લાલજીભાઇ વાઘેલા (રહે.આથરોલી તા.મહેમદાબાદ, જી.ખેડા) લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઇરાદે ભગાડી લઇ ગયો છે. આ અંગેની ફરીયાદ જયાબહેનનાં પિતા ઇશ્વરભાઇ સોલંકીએ તા.૧૮/૬/૧૫ નારોજ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી ડી.એચ.દેસાઇ ચલાવે છે.

**ઘરફોડ :-** **સમાચાર યાદી નં.૧૨૫૨/૧૫**

**અમરાઇવાડી :** નટુભાઇ ધનજીભાઇ પ્રજાપતિ (રહે,કર્ણાવતી બંગ્લોઝ, વિભાગ-૨ પાંજરાપોળ, રામોલ) એ અમરાઇવાડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૭/૬/૧૫ રાતનાં ૧૦/૦૦ થી તા.૧૮/૬/૧૫ સવારનાં ૧૦/૦૦ વાગ્યા દરમ્યાન અમરાઇવાડી શ્રમજીવી વસાહ્ત પાસે, વિહ્તકૃપા સેનેટરીવેર અને આર્યન સીરામીક નામની દુકાનનો એક્ઝોસ્ટન ફેન તોડી, અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી, દુકાનમાંથી સ્ટીલનાં તથા બ્રાસનાં નળ તથા બાથરૂમ ફીટીંગનો સામાન અને મોબાઇલ ફોન મળી કુલ રૂપિયા ૮૫,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી નટવરસિહ અરજણસિહ ચલાવે છે.

**એલીસબ્રીજ :** મેધાવી ચિરાગભાઇ શાહ (રહે, સાલ્યવન ફ્લેટ, મહાલક્ષ્મી સોસાયટી પાસે, પાલડી) એ તા.૧૮/૬/૧૫ નારોજ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૩/૪/૧૫ નાં કલાક ૮/૦૦ વાગ્યાના સુમારે પાલડી શાંતીવન પાસે, ધર્મેન્દ્ર સોસાયટી ખાતે, મેધાવી શાહનાં પિતાનાં ઘરનાં દરવાજાનો નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના કિંમત રૂપિયા ૨૦,૦૦૦/-, એક ઘડીયાળ કિંમત રૂપિયા ૧૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૫૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૮૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જે.એસ.કંડોરીયા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>પોલીસની ખોટી ઓળખ આપી ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૨૫૩/૧૫</u>**

**કારંજઃ** વિનોદભાઈ નટવરલાલ સોની (ઉ.વ ૪૩) (રહે.પ્રતિક્ષા એપાર્ટમેન્ટ હનુમાનજીના મંદિર પાસે સોલા રોડ નારણપુરા) તા.૧૮/૬/૧૫ રાતના ૮/૪૦ વાગ્યાના સુમારે કારંજ ગોળગલી ચાર રસ્તે સ્કુટર ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે બે અજાણ્યા પુરૂષો પૈકી એકે સ્કુટર ઉભુ રખાવીને જણાવેલ કે હુ ક્રાઈમબ્રાંચ પોલીસ છુ અને ઓળખકાર્ડ જેવુ કંઈક બતાવી ક્રાઈમબ્રાંચનુ ડ્રગ્સનુ ચેકીંગ ચાલે છે તમને ચેક કરવાના છે બાજુમા ચાલો સાહેબ ત્યા બાજુમા ઉભા છે તમારુ ચેકીંગ કરાવી લો તેમ કહી સાઈડમા લઈ જઈ થેલામાથી ડબ્બો ખોલી નજર ચુકવી હિરા જડીત સોનાના ઘરેણા કિંમત રુપિયા ૧૫,૬૪,૬૩૦/- મતાની ચોરી કરી લીધી હતી. આ અંગેની ફરીયાદ વિનોદભાઈ સોનીએ કારંજ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી કે.જી.પટેલ ચલાવે છે.

**<u>સોનાનો દોરો ખેંચી તોડી લઈ ગયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૨૫૪/૧૫</u>**

**સાબરમતી** : મંજુલાબહેન જયંતીભાઇ પટેલ (રહે, મારૂતી એવન્યુ તિરૂપતી સોસાયટી સામે, ન્યુ રાણીપ) તા.૧૮/૬/૧૫ સવારનાં ૭/૪૫ વાગ્યાના સુમારે રહેણાંક નજીકથી પસાર થઇ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ (૨૫ થી ૩૦ વર્ષના આશરાનાં) મંજુલાબહેનનાં ગળામાંથી સોનાનો દોરો કિંમત રૂપિયા ૨૭,૦૦૦/- ખેંચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ મંજુલાબહેન પટેલે સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એ.જે.ગોંડલીયા ચલાવે છે.

**<u>આત્મહત્યા :</u>** **<u>સમાચાર યાદી નં.૧૨૫૫/૧૫</u>**

**ઘાટલોડીયા :** વૈશાલીબેન વિશાલભાઇ પટેલ (ઉ.વ.૩૭)(રહે, અર્જુન એપાર્ટમેન્ટ, અર્જુન ટાવર પાસે, ઘાટલોડીયા) એ તા.૧૮/૬/૧૫ બપોરનાં ૪/૩૦ થી રાતનાં ૮/૦૦ વાગ્યા દરમ્યાન કોઇ કારણસર પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ઘાટલોડીયા પોલીસે અકસ્માત મોત નોંધી, આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી કમલેશભાઇ કાળાભાઇ ચલાવે છે.

**મેઘાણીનગર :** જ્યોત્સનાબહેન ગાંડાભાઇ ઠાકોર (ઉ.વ.૧૭)(રહે,ઘીવાળી ચાલી, ચમનપુરા) એ તા.૧૫/૬/૧૫ નાં કલાક ૧૨/૩૦ વાગ્યાનાં સુમારે કોઇ કારણસર પોતાના ઘરે ઉધઇ મારવાની દવા પી લીધી હતી. સારવાર અર્થે તેમને સિવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા જ્યાં સારવાર દરમ્યાન તા.૧૮/૬/૧૫ નાં કલાક ૬/૪૫ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોંધી, આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી દિલીપસિંહ ગંભીરસિંહ ચલાવે છે.

**શહેરકોટડા :** અંબીકાબહેન મનુભાઇ પરમાર (ઉ.વ.૪૦)(રહે,જુની અશોકમીલની ચાલી, શહેરકોટડા) એ બીમારીથી કંટાળી તા.૧૭/૬/૧૫ રાતનાં સમયે પોતાના ઘરે પોતાની જાત ઉપર કેરોસીન છાંટી સળગી જઇ આત્મહત્યા કરી હતી.આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોંધી, આ અંગેની તપાસ હે.કો.શ્રી વાલસિંગભાઇ માલાભાઇ ચલાવે છે.

(ઇ.ચા.)નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)